સમરસ છાત્રાલય (કુમાર) પાટણના મકાન બાંધકામને
વર્ષ ૨૦૧૫-૧૬ માટે વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃસકછ/૧૦૧૪/૮૭૫૭૦૩/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૨/૨/૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૧/૧૨/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃસકછ/૧૦૧૪/૮૭૫૭૦૩/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તાઃ૫/૧૨/૨૦૧૪નો પત્ર ક્રમાંક: અજાક-ગ.૧-૧-૨૦૧૪-૧૫- ૧૩૫૬૭-૬૮.

સુધારા ઠરાવઃ-

રાજયની યુનિવર્સીટીના વડા મથકે અનુ.જાતિ/અનુ.જનજાતિ/વિકસતી જાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુ થી અનુ.જાતિ/અનુ.જનજાતિ/વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે ૨૫૦ કુમાર રહી શકે તેવી સુવિધા યુક્ત મકાન તેમજ છાત્રાલયના સ્ટાફ કર્વાટર્સ સહિત બનાવવા સમરસ છાત્રાલય (કુમાર) જિ.પાટણ માટે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં રૂ.૬૬૦.૦૦ લાખ ની નવી સેવાને વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૧૧-૧૨-૧૫ ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

પ્રસ્તુત બાબતના ઠરાવમાં નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવેલ છે.જે વંચાણે લેવા વિનંતી છે.

સમરસ છાત્રાલય (કુમાર) પાટણના મકાન બાંધકામ કરવા માટેની અંદાજીત રકમ રૂ.૧૪૮૧.૨૯ લાખના એસ.ઓ.આર મુજબ અંદાજોને આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ વિભાગના સરખા ક્રમાંકના તા.૧૧-૧૨-૧૫ ના ઠરાવની શરતો યથાવત રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૫-૧-૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિક્ષિત જોષી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.પાટણ.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.પાટણ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.પાટણ.
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.પાટણ.
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ: